# સાહિત્ય મંથન કૃતિ વિવેચન સ્પર્ધા - ૨૦૨૬

## ~ દિવાળી વિશેષાંક નિમિત્તે ~

### સ્પર્ધાના નિયમો અને શરતો

## ૧. પુરસ્કારની રકમ

**સ્પર્ધામાં વિજેતા બનનાર શ્રેષ્ઠ વિવેચકોને પ્રોત્સાહિત કરવા માટે નીચે મુજબના પુરસ્કારો એનાયત કરવામાં આવશે:**

- પ્રથમ વિજેતા : રૂ. ૫,૧૦૦/- + ડિજિટલ પ્રમાણપત્ર (E-Certificate)
- દ્વિતીય વિજેતા : રૂ. ૩,૧૦૦/- + ડિજિટલ પ્રમાણપત્ર (E-Certificate)
- તૃતીય વિજેતા : રૂ. ૨,૧૦૦/- + ડિજિટલ પ્રમાણપત્ર (E-Certificate)

**નોંધ :** પ્રમાણપત્ર ફક્ત ડિજિટલ સ્વરૂપે જ મળશે, તેની કોઈ હાર્ડ કોપી આપવામાં આવશે નહીં.

## ૨. સ્પર્ધાની સમયમર્યાદા

- વર્ષ ૨૦૨૬ માટે નિબંધ સબમિટ કરવાનો સમયગાળો તારીખ ૧૫મી ઓક્ટોબર ૨૦૨૬ (રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી) રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલી કોઈપણ એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહીં.

## 3. વયમર્યાદા અને પાત્રતા (Eligibility)

- **વિષયની પાત્રતા :** આ સ્પર્ધામાં ગુજરાતી સાહિત્યના કોઈપણ પુસ્તક (જેમ કે ટૂંકી વાર્તા, નવલકથા, કવિતા, નાટક, જીવનચરિત્ર, વિવેચન, સંપાદન વગેરે) પર આધારિત વિવેચન લેખ સ્વીકારવામાં આવશે.
- **અપ્રગટ લેખની શરત :** સ્પર્ધા માટે મોકલેલ વિવેચન લેખ સંપૂર્ણપણે અપ્રગટ (Unpublished) હોવો જોઈએ. તે અગાઉ કોઈ પણ સામયિક, પુસ્તક, અખબાર, બ્લોગ કે સોશિયલ મીડિયા પર પ્રકાશિત થયેલો ન હોવો જોઈએ.
- **ભાષા અને જોડણી :** સ્પર્ધામાં ફક્ત ગુજરાતી ભાષામાં જ લખાયેલા વિવેચન લેખો સ્વીકારવામાં આવશે. લેખની સમીક્ષા શુદ્ધ ભાષામાં હોવી જોઈએ અને 'સાર્થ જોડણીકોશ'ની જોડણી જ માન્ય ગણાશે.
- **વયમર્યાદા :** સાહિત્યિક વિવેચન ક્ષેત્રે સર્જન કરતા અને ૫૦ વર્ષ કે તેથી ઓછી ઉંમર ધરાવતા જ સર્જકો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- **પુસ્તક પ્રકાશન :** સ્પર્ધકનો પોતાનો વિવેચન ગ્રંથ કે અન્ય પુસ્તક અગાઉ પુસ્તક સ્વરૂપે પ્રગટ થયેલું હોય તો પણ તેઓ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સંપૂર્ણ પાત્ર ગણાશે.
- **જરૂરી દસ્તાવેજ :** એન્ટ્રી સબમિટ કરતી વખતે વય અને ઓળખના પુરાવા માટે જન્મનું પ્રમાણપત્ર, ડ્રાઇવિંગ લાયસન્સ, પાસપોર્ટ અથવા અન્ય સત્તાવાર સરકારી ઓળખકાર્ડની ડિજિટલ નકલ જોડવી ફરજિયાત છે.

## ૪. શબ્દમર્યાદા અને નિયમો

- વિવેચન લેખ ઓછામાં ઓછા ૨,૦૦૦ શબ્દોનો હોવો જોઈએ. મહત્તમ શબ્દોની કોઈ મર્યાદા નથી.
- એક સર્જક માત્ર એક જ નિબંધ મોકલી શકશે. એકથી વધુ એન્ટ્રી મોકલનારને સ્પર્ધા માટે અયોગ્ય (Disqualify) ઠેરવવામાં આવશે.

## ૫. લેખન અને સબમિશન પ્રક્રિયા (એક જ ફાઇલ પદ્ધતિ)

- **ફોર્મેટ અને ફોન્ટ :** સ્પર્ધા માટેનો લેખ માત્ર માઈક્રોસોફ્ટ વર્ડ (MS Word - .docx) ફાઈલમાં, 'શ્રુતિ' (Shruti) ફોન્ટમાં ટાઈપ કરેલો હોવો જોઈએ.
- **ફાઇલ સેટઅપ (ખાસ નિયમ) :** સર્જકે માત્ર એક જ વર્ડ ફાઈલ અપલોડ કરવાની રહેશે, જેનું માળખું નીચે મુજબ હોવું જોઈએ:
  પ્રથમ પેજ (Page 1): તમારો સંપૂર્ણ વિવેચન લેખ.
  નવું પેજ (Page 2): લેખ પૂરો થયા પછીના નવા પેજ પર 'લેખકની બાહેંધરી' ટાઈપ કરી તેની નીચે લેખકનું પૂરું નામ, સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડી ફરજિયાત લખવાના રહેશે.
- **માધ્યમ :** આ સળંગ સેટ કરેલી એક જ વર્ડ ફાઈલ 'સાહિત્ય મંથન'ની સત્તાવાર વેબસાઈટ પર જઈને, ત્યાં આપેલા 'Submit Paper' વિકલ્પ દ્વારા જ અપલોડ કરવાની રહેશે. ઈ-મેઈલ કે ટપાલ દ્વારા મોકલેલી એન્ટ્રીઓ સ્વીકારાશે નહીં.

## ૬. લેખકની બાહેંધરી (Declaration)

- વર્ડ ફાઇલના બીજા પેજ પર નીચે મુજબની બાહેંધરી લખવી ફરજિયાત છે :
  'આ વિવેચન લેખ મારી મૌલિક, સ્વરચિત અને અપ્રગટ (Unpublished) રચના છે તેમજ તે અગાઉ કોઈ પણ જગ્યાએ પ્રકાશિત થયેલ નથી. આ કૃતિ ગુજરાતી સાહિત્યિક પુસ્તકના વિવેચન પર આધારિત છે. આ કૃતિ પુરસ્કૃત થાય કે ન થાય, પરંતુ તેને પ્રગટ કરવાના તમામ હક્કો 'સાહિત્ય મંથન'ને રહેશે, જેની સામે હું કોઈ પણ પ્રકારનું માનદ વળતર કે રોયલ્ટીનો દાવો કરીશ નહીં.'
  **લેખકનું નામ :** [અહીં તમારું નામ લખો]
  **સરનામું :** [અહીં તમારું સરનામું લખો]
  **મોબાઇલ નંબર :** [અહીં તમારો નંબર લખો]
  **ઈ-મેઇલ આઇડી :** [અહીં તમારું ઈ-મેઇલ લખો]

## ૭. પરિણામ અને પૂછપરછ

- **પરિણામની જાહેરાત :** સ્પર્ધાની મુદત પૂરી થયા પછીના ૩ મહિના બાદ સ્પર્ધાનું પરિણામ 'સાહિત્ય મંથન'ની સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવશે.
- **પૂછપરછ અંગે નમ્ર અપીલ :** સ્પર્ધાની છેલ્લી તારીખથી લઈને ૩ મહિના સુધી પરિણામ અંગે કોઈ પણ પ્રકારની પૂછપરછ (ફોન, ઈ-મેઈલ કે રૂબરૂ) કરી શકાશે નહીં.
- **વિજેતાઓની જાણ :** સ્પર્ધામાં વિજેતા તરીકે કે ખાસ અંક માટે પસંદગી પામેલા સર્જકોને 'સાહિત્ય મંથન' તરફથી સામેથી (સંપર્ક કરીને) જાણ કરવામાં આવશે.

## ૮. દિવાળી વિશેષાંક અને પ્રકાશનના હક્કો

- સ્પર્ધામાંથી પસંદ થયેલા શ્રેષ્ઠ વિવેચન લેખોને 'સાહિત્ય મંથન' મેગેઝિનના 'દિવાળી વિશેષાંક' સ્વરૂપે પ્રગટ કરવામાં આવશે.
- સ્પર્ધાનું પરિણામ જાહેર થયા બાદ, 'સાહિત્ય મંથન'ની લેખિત અનુમતિ મેળવીને જ સર્જક આ વિવેચન લેખ અન્ય કોઈ જગ્યાએ પ્રકાશિત કરી શકશે.

## ૯. નિર્ણાયકોનો નિર્ણય

- લેખોના મૂલ્યાંકન અંગે આયોજકો અને નિર્ણાયક મંડળનો નિર્ણય આખરી અને સર્વોપરી રહેશે.
- આ બાબતે કોઈપણ પ્રકારની વાંધા અરજી, પત્રવ્યવહાર કે રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

આયોજક

**સાહિત્ય મંથન**